# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2025** **Midday : 1.20 to 1.30**

**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G20 શિખર સંમેલનમાં વૈશ્વિક વિકાસને ધ્યાનમાં રાખીને છ નવી પહેલનો પ્રસ્તાવ મૂક્યો

2) દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગ ખાતે G20 નેતાઓના શિખર સંમેલનની આજે પૂર્ણાહૂતિ થશે

3) બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોની સંઘીય પોલીસે સાવચેતીના પગલાં તરીકે ધરપકડ કરી

4) વિયેતનામમાં પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક 90 પર પહોંચ્યો - હજુ પણ બાર લોકો ગુમ છે

5) ભારતીય શટલર લક્ષ્ય સેને ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન 2025 પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# PM G20

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે ચાલી રહેલી G20 નેતાઓનું શિખર સંમેલન આજે સમાપ્ત થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'બધા માટે મુક્ત અને ન્યાયી ભવિષ્ય - મહત્વપૂર્ણ ખનિજો, યોગ્ય કાર્ય અને કૃત્રિમ બુદ્ધિ' વિષય પર આયોજિત આ સંમેલનના ત્રીજા સત્રમાં ભાગ લેશે. શ્રી મોદી શુક્રવારે દક્ષિણ આફ્રિકાની ત્રણ દિવસની મુલાકાતે જોહાનિસબર્ગ પહોંચ્યા હતા અને પ્રથમ વખત આફ્રિકન ભૂમિ પર આયોજિત G20 સમિટમાં ભાગ લીધો હતો. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

**(વોઈસ કાસ્ટ - ................ )**

**દરમ્યાન શિખર સંમેલનના પહેલા દિવસે ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વિકાસને ધ્યાનમાં રાખીને છ નવી પહેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. આમાં ગ્લોબલ ટ્રેડિશનલ નોલેજ રિપોઝિટરીની સ્થાપના, આફ્રિકા સ્કિલ્સ મલ્ટીપ્લાયર પ્રોગ્રામ, ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમ, કાઉન્ટર-ડ્રગ અને ટેરરિઝમ નેક્સસ, ઓપન સેટેલાઇટ ડેટા પાર્ટનરશિપ અને ક્રિટિકલ મિનરલ સર્ક્યુલર ઇનિશિયેટિવનો સમાવેશ થાય છે.**

**સમિટના પહેલા દિવસે બે સત્રોને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ પહેલ ભારતના વિકાસ, પ્રગતિ અને સુખાકારી માટેના વિઝનનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે આ પહેલ સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરવામાં મદદ કરશે.**

**સમાવેશક અને ટકાઉ આર્થિક વિકાસ પરના પ્રથમ સત્ર દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે G20 ભવિષ્યની પેઢીઓના લાભ માટે ગ્લોબલ ટ્રેડિશનલ નોલેજ રિપોઝિટરી, માનવતાના સામૂહિક શાણપણનો ઉપયોગ કરશે. આફ્રિકા સ્કિલ્સ મલ્ટીપ્લાયર પ્રોગ્રામનો હેતુ આફ્રિકામાં યુવાનોને કૌશલ્ય આપવા માટે દશ લાખ પ્રમાણિત તાલીમ આપનારાઓનો સમૂહ સ્થાપિત કરવાનો છે. પ્રધાનમંત્રી મોદીએ G20 ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમની રચનાનો પણ પ્રસ્તાવ મૂક્યો, જેમાં દરેક G20 દેશના આરોગ્ય નિષ્ણાતોનો સમાવેશ થાય છે, જેને વિશ્વના કોઈપણ ભાગમાં વૈશ્વિક આરોગ્ય પડકારોનો સામનો કરવા માટે તૈનાત કરી શકાય છે. તેમણે ડ્રગ**

**હેરફેરના પડકારનો સામનો કરવા અને ડ્રગ્સ અને આતંકવાદ વચ્ચેના જોડાણને તોડવા માટે G20 પહેલનું પણ સૂચન કર્યું.**

. . . . . . . . . .

# BOLSONARO- ARREST

બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોને રાજધાની બ્રાઝિલિયામાં પોલીસે નિવારક કસ્ટડીમાં લીધા છે. ફેડરલ સંઘીય અદાલતના આદેશ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી છે. ફેડરલ પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડ કોઈ સજાને કારણે નહીં, પરંતુ તપાસકર્તાઓની વિનંતી પર સાવચેતીના પગલા તરીકે કરવામાં આવી છે.

બોલ્સોનારોને ગઈકાલે અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને તાત્કાલિક બ્રાઝિલિયામાં ફેડરલ પોલીસ મુખ્યાલયમાં લઈ જવામાં આવ્યા હતા. આ અટકાયત દેશમાં કથિત બળવાના કાવતરાની તપાસના અંતિમ તબક્કામાં છે. 2019 થી 2022 સુધી સત્તા સંભાળનારા બોલ્સોનારો ચોથી ઓગસ્ટથી નજરકેદમાં હતા અને જાહેર વ્યવસ્થાના રક્ષણના આધારે તેમની નિવારક અટકાયતનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા હેઠળ તેમને 27 વર્ષ અને ત્રણ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# INDIA-COP30 CLOSING

ભારતે ચેતવણી આપી છે કે આબોહવા પરિવર્તન ઘટાડાનો બોજ એવા દેશો પર ન નાખવો જોઈએ જે તેની જવાબદારી ઓછી નિભાવે છે.

બ્રાઝિલમાં આબોહવા પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેન્શનના પક્ષકારોના 30મા પરિષદના સમાપન સત્રમાં ઉચ્ચ સ્તરીય નિવેદનમાં ભારતે આબોહવા પરિવર્તનની વધતી જતી પ્રતિકૂળ અસરોથી ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશોની સંવેદનશીલ વસ્તીના રક્ષણ માટે વૈશ્વિક સમર્થનની હાકલ કરી. ભારતે વિકસિત દેશો દ્વારા આબોહવા ભંડોળ પૂરું પાડવાના નિર્ણયની પ્રશંસા કરી. વિજ્ઞાન-આધારિત અને સમાન આબોહવા કાર્યવાહી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા, ભારતે કહ્યું કે તમામ પક્ષોએ ખાતરી કરવી જોઈએ કે આબોહવા મહત્વાકાંક્ષા સમાવિષ્ટ, ન્યાયી અને સમાન હોય.

. . . . . . . . . . . . .

# INDIA-ISRAEL FTA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત અને ઇઝરાયલ તેમના પ્રસ્તાવિત મુક્ત વેપાર કરારને બે તબક્કામાં લાગુ કરવાનું વિચારી રહ્યા છે જેથી બંને દેશોના વ્યાપારી સમુદાયોને ઝડપથી લાભ મળી શકે.

શ્રી ગોયલે કહ્યું કે શક્ય છે કે તેઓ મુક્ત વેપાર કરારના પ્રથમ તબક્કાની જાહેરાત કરવામાં આવે જેથી તેઓ તેના લાભો ઝડપથી મેળવી શકાય. શ્રી ગોયલે કહ્યું કે ભારત વિશ્વના વિશ્વસનીય મિત્ર અને ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે.

ભારત અને ઇઝરાયલે ગુરુવારે કરાર પર ઔપચારિક રીતે વાટાઘાટો શરૂ કરવા માટે સંદર્ભની શરતો પર હસ્તાક્ષર કર્યા. સંદર્ભની શરતોમાં ટેરિફ અને નોન-ટેરિફ અવરોધોને દૂર કરીને વસ્તુઓ માટે બજાર, રોકાણ સુવિધા, કસ્ટમ પ્રક્રિયાઓનું સરળીકરણ, નવીનતા અને ટેકનોલોજી ટ્રાન્સફર માટે સહયોગ વધારવો અને સેવાઓમાં વેપારને પ્રોત્સાહન આપવા માટે ધોરણોને સરળ બનાવવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# VIETNAM-FLOODS

વિયેતનામના મધ્ય ભાગમાં પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક 90 પર પહોંચી ગયો છે. હજુ પણ બાર લોકો ગુમ છે. મુશળધાર વરસાદ અને પૂરના કારણે આ વિસ્તારમાં એક હજાર 154 ઘરો ડૂબી ગયા છે. 80 હજાર 800 હેક્ટરથી વધુ પાકને નુકસાન થયું છે. આ આપત્તિથી અંદાજે 35 કરોડ 80 લાખ અમેરિકન ડોલરનું આર્થિક નુકસાન થવાનો અંદાજ છે.

વિયેતનામ સરકારે પૂર બાદ પુનર્નિર્માણ કાર્યમાં મધ્ય વિયેતનામના ચાર શહેરો અને પ્રાંતોને મદદ કરવા માટે આશરે એક કરોડ 80 લાખ અમરીકી ડોલરના કટોકટી રાહત ભંડોળને મંજૂરી આપી છે. વિયેતનામના

પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હે મધ્ય પ્રાંતોમાં પૂર અને અન્ય કુદરતી આફતોનો સામનો કરવા માટે પગલાં ઝડપી બનાવવા અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

(ગોન્ગ મ્યુઝિક)

………………………………

# JAISHANKAR-UKRAINE MINISTER

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે યુક્રેનના વિદેશ મંત્રી આન્દ્રે સિબિહા સાથે ટેલિફોન પર વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે રશિયા-યુક્રેન સંઘર્ષ સંબંધિત વર્તમાન કામગીરી તેમની જાણકારીની પ્રશંસા કરી. તેમણે આ સંઘર્ષનો વહેલાસર અંત લાવવા અને કાયમી શાંતિ સ્થાપિત કરવા માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . .

# RUSSIA-UKRAINE PEACE PLAN

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકાની શાંતિ યોજના યુક્રેનને આપેલી તેમની છેલ્લી ઓફર નથી, કારણ કે યુક્રેન તરફી પશ્ચિમી દેશોના ગઠબંધને ચેતવણી આપી છે કે આ ડ્રાફ્ટમાં નોંધપાત્ર સુધારાની જરૂર છે.

ગઈકાલે પત્રકારો સાથે વાત કરતા અમેરિકના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ યુક્રેન પર 27 નવેમ્બર સુધીમાં આ યોજના સ્વીકારવા માટે દબાણ કરી રહ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું છે કે કિવમાં જે વ્યાપકપણે રશિયા માટે અનુકૂળ માનવામા આવી રહેલી આ યોજના સ્વીકારવા માટે અમેરિકાના દબાણ વચ્ચે દેશ તેના ઇતિહાસના સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. દરમિયાન, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું છે કે આ યોજના સમાધાન માટેનો આધાર બની શકે છે.

દરમિયાન અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને યુક્રેનના વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓ આજે સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવામાં આ પ્રસ્તાવને વધુ અસરકારક બનાવવા માટે બેઠકમાં કરશે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયો અને ખાસ દૂત સ્ટીવ વિટકોફ બેઠકમાં હાજર રહેશે. બ્રિટનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોનાથન પોવેલ બ્રિટનનું પ્રતિનિધિત્વ કરશે.

આ સંદર્ભમાં દક્ષિણ આફ્રિકામાં G20 શિખર સંમેલનમાં જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, આયર્લૅન્ડ, ઇટાલી, જાપાન, નેધરલેન્ડ, સ્પેન, બ્રિટન, જર્મની, નોર્વે અને યુરોપિયન સંઘના બે વરિષ્ઠ અધિકારીઓના હસ્તાક્ષરોનો સમાવેશ થાય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકી પ્રસ્તાવ એક પાયો છે જેના પર વધારાના કાર્યની જરૂર પડશે. તેનો ઉદ્દેશ્ય યુક્રેન માટે વધુ સારી સમાધાન સુનિશ્ચિત કરવાનો છે. જૂથે ભાર મૂક્યો હતો કે બળજબરીથી સરહદો બદલવી જોઈએ નહીં. આઠ નોર્ડિક અને બાલ્ટિક દેશોના

નેતાઓએ યુક્રેનને શસ્ત્રોનો પુરવઠો ચાલુ રાખવાનું વચન આપ્યું હતું અને યુરોપમાં સુરક્ષા અને સ્થિરતામાં સુધારો કરવાના હેતુથી યુક્રેનની સાર્વભૌમત્વનો આદર કરતા ઉકેલો માટે સમર્થન વ્યક્ત કર્યું હતું.

. . . . . . . . . . . . . .

# NAGALAND-AIR INDIA

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ ગઈકાલે દીમાપુર હવાઈમથક પર એક નવા એર ઈન્ડિયા એક્સપ્રેસના વિમાનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ એરલાઈન હોર્નબિલ ફેસ્ટિવલ 2025 માટે સત્તાવાર ભાગીદાર તરીકે સેવા આપશે. નાગાઓના કલાત્મક વારસાની ઉજવણી કરતા VT BWD વિમાનના પોશાક એઓ નાગા જનજાતિના ત્સુંગકોટેપ્સુ યોદ્ધાની શાલથી પ્રેરિત છે. દિમાપુર હવાઈમથકે અધિકારીઓ અને પરંપરાગત નર્તકો સાથે વિમાનનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રી રિયોએ કહ્યું કે આ સંદેશાવ્યવહાર જોડાણને મજબૂત બનાવવા, મુલાકાતીઓના અનુભવોને સુધારવા અને દેશવિદેશના અન્ય ભાગોમાં નાગાલેન્ડને પ્રદર્શિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું કે આ એક સાહસ અને કોર્પોરેટ ભાગીદારી છે જે પ્રવાસન, સાંસ્કૃતિક વિનિમય અને આર્થિક વિકાસ માટે વધુ તકો પૂરી પાડશે.

એર ઈન્ડિયા એક્સપ્રેસના મેનેજિંગ ડિરેક્ટર આલોક સિંહે જણાવ્યું કે આ ખાસ પોશાક નાગાલેન્ડના કલાત્મક વારસા અને સાંસ્કૃતિક ગૌરવને

શ્રદ્ધાંજલિ છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે દીમાપુર હવાઈમથક પર હોર્નબિલ-થીમ આધારિત ફોટોબૂથ અને કિસામા હેરિટેજ વિલેજ ખાતે કોમ્યુનિટી આર્ટ કેનવાસ પણ સ્થાપિત કર્યું છે, ઉપરાંત દીમાપુર જતી અને જતી ફ્લાઇટ્સ પર 15 ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરી છે.

. . . . . . . . . . . . .

# REV. DAY ARTICLE 240-CHANDIGARH

સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢને બંધારણની કલમ 240 હેઠળ લાવવા માટે લોકસભા અને રાજ્યસભાના બુલેટિન મુજબ આગામી શિયાળુ સત્રમાં આ અંગેનો પ્રસ્તાવ , 131મા સુધારા વિધેયક 2025 હેઠળ રજૂ કરવામાં આવશે.

પ્રસ્તાવિત વિધેયકનો ઉદ્દેશ્ય ચંદીગઢને ભારતના બંધારણની કલમ 240 હેઠળ સમાવિષ્ટ કરવાનો છે, જે અન્ય કેન્દ્રશાસિત પ્રદેશો જેમ કે આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ જેવા વિધાનસભાઓ વિના છે. આનાથી ચંદીગઢમાં સ્વતંત્ર વહીવટકર્તાનો માર્ગ મોકળો થશે. પંજાબના રાજ્યપાલ હાલમાં ચંદીગઢના વહીવટકર્તા છે.

બંધારણની કલમ 240 રાષ્ટ્રપતિને આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સહિત કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોની શાંતિ, પ્રગતિ અને કાર્યક્ષમ શાસનનું નિયમન કરવાની સત્તા આપે છે.

ઉલ્લેખનીય છે કે સંસદનું શિયાળુ સત્ર પહેલી ડિસેમ્બરથી શરૂ થશે અને 19 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . .

## J&K-LIMESTONE AUCTION

ખાણ મંત્રાલય આવતીકાલે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ચૂનાના પથ્થરોના બ્લોક્સની પ્રથમ હરાજી કરશે. જેનાથી જમ્મુ અને કાશ્મીરમાં ખનિજ વિકાસના નવા યુગની શરૂઆત થશે. આકાશવાણી જમ્મુના સંવાદદાતા જણાવે છે કે આ ખાસ કાર્યક્રમ જમ્મુના કેનાલ રોડ પરના કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. આ પ્રસંગે કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

## BADMINTON - AUSTRALIA OPEN

ભારતીય શટલર લક્ષ્ય સેને સિડનીમાં ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન 2025 પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો. આ વર્ષનો તેનો પહેલો ખિતાબ છે. લક્ષ્યે આજે ફાઇનલમાં 26મા ક્રમાંકિત જાપાની ખેલાડી યુશી તનાકાને 21-15, 21-11થી પરાજય આપ્યો હતો. 2021 વિશ્વ ચેમ્પિયનશિપમાં કાંસ્યચંદ્રક વિજેતા લક્ષ્યે છેલ્લે 2024માં લખનઉમાં

સુપર 300 ટાઇટલ જીત્યું હતું. જો કે, તે જ વર્ષે કેનેડા ઓપનમાં જીત્યા બાદ તેણે કોઈ ટોચનું સ્તરનું ટાઇટલ જીત્યું ન હતું, જોકે સપ્ટેમ્બરમાં હોંગકોંગ સુપર 500માં રનર-અપ રહ્યો હતો.

. . . . . . . . . . . . .

## CRICKET

પુરુષોની ક્રિકેટમાં, ગુવાહાટીમાં રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટના બીજા દિવસે જ્યારે છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાએ ભારત સામેની તેમની પ્રથમ ઇનિંગમાં 7  વિકેટ 428 રન કર્યા હતા.. ભારત તરફથી કુલદીપ યાદવે 3 વિકેટ ઝડપી હતી જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ ગઈકાલે પહેલા દિવસે એક-એક વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . .